T5J2Z6

# ૯ કમળજળકમળજળકમળજળકમળ

## ચાલો ગાઈએ ગીતડું :

ધમાચકડી ધમાચકડી ધમાચકડી મારું નામ,
ડાહ્યું ડાહ્યું કરવાનું કે કહેવાનું એ તારું કામ.
સીધા રસ્તે વાંકાંચૂંકાં, પગલાં માંડું લાંબાંટૂંકાં,
પાન વીણું ભીનાં-સૂકાં, ભેગાં કરું ડાળી-ઠૂંઠાં,
પૂછો નહીં, એ બધાંનું શું છે હવે મારે કામ,
ધમાચકડી ધમાચકડી ધમાચકડી મારું નામ.
આંટા મારું આડાઅવળા, કપડાં પહેરું ઊંધાંસવળાં,
પથરા વીણું ગોળ-લીસ્સા, મણકાથી હું ભરું ખિસ્સાં,
પૂછો નહીં, એ બધાંનું શું છે હવે મારે કામ.
ધમાચકડી ધમાચકડી ધમાચકડી મારું નામ.
ડાહ્યું ડાહ્યું કરવાનું કે કહેવાનું એ તારું કામ.

- નીતા રામૈયા



Trinket (Non Venomous) બિન ઝેરી
Local Name : Roop soondri રૂપ સુંદરી




Green Keelback (adult) (Non Venomous) બિન ઝેરી
Local Name : Lilvo લીલવો



Cobra (Venomous) ઝેરી
Local Name : Nag નાગ




Rat Snake (Non Venomous) બિન ઝેરી
Local Name : Dhaman ધામણ



Common Sand Boa (Non Venomous) બિન ઝેરી
Local Name : Bhamfodi ભંફોડી



Wolf Snake (Non Venomous) બિન ઝેરી
Local Name : Warundantti વરૂદંતી



Red Sand Boa (Non Venomous) બિન ઝેરી
Local Name : Andhdi Chakran આંધળી ચાકણ



Saw Scale Viper (Venomous) ઝેરી
Local Name : Foorso/Paidku ફુરસો



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## તમારો નાનો ભાઈ/નાની બહેન વાક્યો બોલે છે ત્યારે શબ્દો આડાઅવળા થઈ જાય છે, એને સરખા ગોઠવીને સાચાં વાક્યો બનાવો.

**ઉદાહરણ :** મમ્મીએ શીરો ભાવે મને મારી બહુ બનાવેલો છે.

મને મારી મમ્મીએ બનાવેલો શીરો બહુ **ભાવે છે.**

૧. બહુ બીક લાગે છે કૂતરા જોડે રમવામાં. ..........................................

૨. મજા પડી અગરપાટો મને રમવાની તો. ..........................................

૩. તમે માટે ખેતરમાંથી શું મારા લાવ્યા? ..........................................

૪. રમકડાં મારાં સંતાડી તમે દીધા? ..........................................

૫. નિશાળમાં હું જવાનો/જવાની મોટો/મોટી નથી ભણવા થઈને. ..........................

## 'માખણ-મિત્ર-મટુકી' સંવાદ સાંભળો, વાંચો અને ભજવો.



માતા યશોદા : અરે લાલા, સાંભળે છે? તારી રોજની ફરિયાદોથી હું કંટાળી ગઈ છું હવે.

કૃષ્ણ : અરે મારી માડી, ફરીથી ફરિયાદ આવી? આ ગોપીઓ મને સુખેથી રહેવા જ નથી દેતી.

માતા યશોદા : ઓ હો હો... હેરાન તો તું ગોપીઓને કરે છે.

કૃષ્ણ : અરે, એવું તે હોય મા? અમે બંને ભાઈઓ તો રોજ સવારથી સાંજ ગાયો ચરાવવા જઈએ છીએ. બોલ ગોપીઓને ક્યારે હેરાન કરીએ?

યશોદા : આજે બધી ગોપીઓએ આવીને ફરિયાદ કરી કે કનૈયાએ કાંકરા મારીને એમની માખણની મટુકીઓ ફોડી નાખી. એટલું જ નહીં, ઘરે શીકામાં રાખેલું દહીં અને માખણ પણ ખાઈ ગયો. કનૈયા, તું આવાં તોફાન કેમ કરે છે, દીકરા?''

કૃષ્ણ : ગોપીઓ ખોટું બોલે છે મા, પૂછ મોટાભાઈને.

બલભદ્ર : કનૈયાની વાત સાચી છે, મા. નંદબાબાના ઘરે દહીં-માખણની ક્યાં ખોટ છે કે અમારે બીજાના ઘરે ચોરી કરવી પડે?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

કૃષ્ણ : તું સાવ ભોળી છે, માવડી. હું વળી માખણની ચોરી કરું?

યશોદા (ગુસ્સે થઈને) : તો શું ગોપીઓ ખોટું બોલે છે? પેલી રમાના ઘરે શીકામાંથી માખણ ખાતાં તને રેવાબાએ પણ જોયો હતો. બોલ, આ વાત સાચી કે ખોટી?

કૃષ્ણ : અડધી સાચી ને અડધી ખોટી. શીકામાંથી માખણ મેં લીધું હતું પણ એ તો રમામાસીના દીકરાને જ ખવડાવતો હતો. એ બિચારો શીકા સુધી પહોંચી ન શકે એટલે અમે ભાઈબંધો એને મદદ કરતા હતા. તને ન મનાતું હોય તો પૂછ મોટાભાઈને.

બલભદ્ર : કાનુડાની વાત સાચી છે બા. તારી જેમ આ બધી ગોપીઓ પોતાનાં બાળકોને માખણ નથી ખવડાવતી. એ તો મથુરાની બજારમાં વેચી નાખે છે.

કૃષ્ણ : નહીં તો શું? ઘરનાં છોકરાંને ભૂખ્યાં રાખવાનાં? ગાયો ગોકુળની, ગોવાળ ગોકુળના, ગોપીઓ ગોકુળની... અને મહી-માખણ મથુરાનાં? આવું તો ન ચાલે ને, બા!

યશોદા : એમ વાત છે! આવવા દે એ બધી કાબરોને. મારા દીકરા પર ખોટું આળ લગાવે છે! હવે એમની વાત છે.

## • વાતચીત :

- તમે કેવાં કેવાં તોફાન કરો છો?
- તમારાં તોફાન વિશે કોણ કોણ તમારા મમ્મી-પપ્પાને ફરિયાદ કરે છે?
- તમારાં મમ્મી-પપ્પા મોટેભાગે એ ફરિયાદો માની લે છે? એ ફરિયાદ કરનારને શું કહે છે?
- મમ્મી-પપ્પા ખિજાય ત્યારે તમે શું કરો છો?
- મમ્મી-પપ્પા ખિજાય ત્યારે તમારો બચાવ કોણ કોણ કરે છે? કેવી રીતે?
- તમારા વિશે ફરિયાદ થાય એ મોટેભાગે સાચી હોય છે કે ખોટી? તમને એવું કેમ લાગે છે?

## નીચેના પ્રશ્નોના જવાબ લખો.

૧. યશોદાને કોણ ફરિયાદ કરે છે? ..........................................................

૨. ગોપીઓ કૃષ્ણની ફરિયાદ શા માટે કરે છે? ..........................................

૩. કૃષ્ણનો બચાવ કોણ કરે છે? ..........................................................

૪. કૃષ્ણ ગોપીઓનું માખણ શા માટે ચોરે છે? ..........................................

૫. કૃષ્ણના બાપુજીનું નામ શું છે? ..........................................................

૬. ગોપીઓ માખણ, દહીં ક્યાં વેચવા જાય છે? ..........................................

 મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- **ફરી ધમાચકડી કરીએ. ધમાચકડી ધમાચકડી ધમાચકડી મારું નામ...**

**કોઠા પરથી વાક્યો બનાવો. સંવાદની વિગત પ્રમાણે જે વાક્ય સાચું હશે તેને જ એક પોઈન્ટ મળશે. દસ મિનિટમાં જે જોડી વધુ સાચાં વાક્યો બને તે જોડી વિજેતા ગણાશે.**

**ઉદાહરણ :** ગામલોકો બાળકોનાં તોફાનથી કંટાળી ગયાં હતાં. (સંવાદમાં નથી, ૦ પોઈન્ટ મળશે)

ગોવાળ આખો દિવસ ગાયો ચારે. (આ વાક્ય સંવાદની વિગત પ્રમાણે સાચું છે. તેથી એક પોઈન્ટ મળશે.)

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ગામલોકો | મથુરામાં | બહુ મજા પડે |
| કનૈયાને | નાહવાની | માખણ વેચે |
| બલભદ્ર | બાળકોનાં તોફાનથી | માખણ બહુ ભાવે |
| ગોપીઓ | આખો દિવસ | મોટા હતા |
| ઠંડા પાણીમાં | અને ગોવાળોને | ગાયો ચારે |
| ગોવાળ | કૃષ્ણથી | કંટાળી ગયાં હતાં |

**ઝેરી સાપથી બધા બીએ, માત્ર કાનો ન બીએ. તમને ખબર છે કાનો કાં નો બીએ?**



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

# નાગ માથે નટવર

ગોકુળ એક સરસ મજાનું ગામ હતું. એ ગામના લોકોનો મુખ્ય વ્યવસાય પશુપાલન અને દૂધઉત્પાદન. લોકો ગાયો રાખે; ગાયના દૂધમાંથી દહીં, માખણ, ઘી વગેરે બનાવે અને પછી મથુરામાં વેચે. ગામના છોકરાઓ દરરોજ સવારથી સાંજ સુધી ગાયો ચરાવવા જંગલમાં જાય. ગાયો ચરતી હોય એ સમયે છોકરાંઓ ભેગાં બેસીને જાતજાતની વાતો કરે, ઘરેથી લાવેલું ભાથું વહેંચીને ખાય અને મજા કરે. ક્યારેક યમુનાને કાંઠે જુદી જુદી રમતો પણ રમે. યમુના બહુ જ ઊંડી અને તોફાની નદી. આટલું ઓછું હોય એમ એમાં એક કાલિય નાગ રહે, નાગ બહુ જ ઝેરી. નાગના ઝેરના લીધે એટલા ભાગનું પાણી પણ ઝેરી થઈ ગયેલું. ગોવાળો રમતી વખતે કાલિય નાગ જ્યાં રહે છે એ ધરાથી દૂર જ રહે.



એક દિવસની વાત છે. બધા ભેરુઓ નદીકાંઠે ગેડી દડો રમતા હતા. ગેડી દડો રમત પણ ક્રિકેટ અથવા હૉકી જેવી. કાલિય નાગની બીકને લીધે સૌ ભેરુઓએ એવો નિયમ બનાવેલો કે જે કોઈ ખેલાડીને લીધે દડો નદીમાં જાય, એ જ ખેલાડીએ દડો લઈ આવવાનો! રમતાં રમતાં કૃષ્ણનો દાવ આવ્યો. કૃષ્ણે તો દડાને જોરથી ફટકાર્યો એટલે દડો જઈને પડ્યો નદીની વચ્ચોવચ. બધા મિત્રો ચિંતાતુર થઈ ગયા. હવે શું થશે? કિનારાની પાસે ક્યાંક થોડા પાણીમાં દડો જાય તો તો લઈ અવાય પણ આવા ઊંડા ધરામાં કોણ જાય?

એક મિત્રએ કહ્યું, ‘‘નિયમ એટલે નિયમ. કનૈયાએ જ જવું પડે.’’ બાકીના ભેરુઓ અંદરઅંદર ગણગણાટ કરવા લાગ્યા. કોઈક કહે કૃષ્ણએ જ જવું પડે. કોઈ કહે, ‘‘પણ આ તો જીવનું જોખમ છે.’’ તો વળી ત્રીજા મિત્રએ વચલો રસ્તો સૂચવ્યો, ‘‘કાલે કાનુડો નવો દડો લેતો આવે. આ દડો ભલે કાલીનાગના ઘરે રહેતો.’’ ગોવાળોની ચર્ચામાં થોડોક સમય વીત્યો ત્યાં તો દડો ડૂબવા પણ લાગ્યો. એક ગોવાળે કહ્યું, ‘‘હાશ, હવે દડો દેખાશે જ નહિ, એટલે કાનાએ નદીમાં પણ જવું નહિ પડે.’’ એક-બે મિત્રો તો રડવા જેવા થઈ ગયા. એમણે કહ્યું, ‘‘રહેવા દો ભાઈ, એમ કનૈયાનો જીવ જોખમમાં ન મૂકાય.’’ છેવટે બધા મિત્રોએ નક્કી કર્યું કે આ દડો ભલે ગયો નદીમાં. કાલે બીજા નવા દડાથી રમીશું. કૃષ્ણ અને બલભદ્ર



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

બધા ગોવાળોની વાત સાંભળતા હતા, પણ કંઈ બોલતા નહોતા. ત્યાં અચાનક જ કૃષ્ણે કહ્યું, ‘‘હું જઈશ અને એ જ દડો લઈ આવીશ.’’ કેટલાક મિત્રોએ ના પાડી. એક મિત્રએ બલભદ્રને કહ્યું, ‘‘તમે ના પાડો એને. આવું ગાંડુ સાહસ ન કરાય. એ મોટાભાઈની વાત નહિ ટાળે.’’ બલભદ્રએ હસીને કહ્યું, ‘‘કાનુડાને એક જ જણ વારી શકે, કાનુડો પોતે. એણે નક્કી કર્યું છે એટલે એ જશે જ.’’


બધા ગોવાળિયા ચિંતાતુર થઈ ગયા. ના ના કરતા રહ્યા પણ આ તો કાનજી. એણે તો નદીમાં ઝંપલાવ્યું જ. કૃષ્ણ નદીમાં પડ્યા એ વખતે તો દડો ડૂબી પણ ગયેલો. કૃષ્ણે તો છેક તળિયા સુધી ડૂબકી લગાવી!

- **કૃષ્ણ ગયા પછી નદીમાં શું થયું હશે? વિચારો અને કહો.**

**આ કવિતા સાંભળો, ગાઓ અને જાણો.... કે કૃષ્ણ નદીમાં ગયા પછી શું થયું?**

## નાગદમન

‘‘જળકમળ છાંડી જાને, બાળા, સ્વામી અમારો જાગશે;
જાગશે તને મારશે, મને બાળહત્યા લાગશે... ૧
કહે રે, બાળક, તું મારગ ભૂલ્યો, કે તારા વેરીએ વળાવિયો?
નિશ્ચે તારો કાળ જ ખૂટ્યો, અહીંયાં તે શીદ આવિયો?’’.... ૨
‘‘નથી, નાગણ હું મારગ ભૂલ્યો, નથી મારા વેરીએ વળાવિયો;
મથુરાનગરીમાં જૂગટું રમતાં, નાગનું શીશ હું હારિયો.’’...૩
‘‘રંગે રૂડો, રૂપે પૂરો, દીસંતો કોડીલો કોડામણો;
તારી માતાએ કેટલા જનમિયા, તેમાં તું અળખામણો?’’...૪
‘‘મારી માતાએ બેઉ જનમિયા, તેમાં હું નટવર નાનડો;
જગાડ તારા નાગને, મારું નામ કૃષ્ણ કાનડો’’...૫
‘‘લાખ સવાનો મારો હાર આપું, આપું તુજને દોરિયો;
એટલું મારા નાગથી છાનું, આપું તુજને ચોરિયો.’’..૬
‘‘શું કરું નાગણ, હાર તારો? શું કરું તારો દોરિયો?
શાને કાજે નાગણ તારે, કરવી ઘરમાં ચોરીઓ?’’....૭
ચરણ ચાંપી મૂછ મરડી, નાગણે નાગ જગાડિયો;
‘‘ઊઠોને બળવંત, કોઈ બારણે બાળક આવિયો’’...૮
બેઉ બળિયા બાથે વળગ્યા, કૃષ્ણે કાળી નાગ નાથિયો,





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

સહસ્ર ફેણા ફૂંફવે, જેમ ગગન ગાજે હાથિયો...૯
નાગણ સૌ વિલાપ કરે જે, નાગને બહુ દુઃખ આપશે;
મથુરાનગરીમાં લઈ જશે, પછી નાગનું શીશ કાપશે...૧૦
બેઉ કર જોડી વીનવે : ''સ્વામી! મૂકો અમારા કંથને;
અમે અપરાધી કાંઈ ન સમજ્યાં, ન ઓળખ્યા ભગવંતને''...૧૧
થાળ ભરી શગ મોતીડે શ્રીકૃષ્ણને રે વધાવિયો;
નરસૈંયાના નાથ પાસેથી, નાગણે નાગ છોડાવિયો...૧૨

- નરસિંહ મહેતા

**વાતચીત :**

- તમે વિચાર્યું હોય તેવું કવિતામાં શું થયું? તે સિવાય શું થયું?
- શું થયું તેની તમને સૌથી વધુ નવાઈ લાગી?
- કવિતા ગાતી વખતે તમને ક્યારે ખૂબ મજા પડી?
- તમને કૃષ્ણની ચિંતા ક્યારે થઈ?
- બીક લાગે તેવું કવિતામાં ક્યારે થયું?
- તમને કઈ કઈ બાબતોથી બીક લાગે?
- તમે નદીમાં નહાવા ગયા છો? પાણીમાં ભૂસકા માર્યા છે?
- કૃષ્ણ સિવાયના ગોવાળિયાઓને તરતાં આવડતું હશે? તમને એવું શાથી લાગે છે?
- તમે પાણીમાં રહેતા સાપ જોયા છે? ક્યાં?
- ઈન્ટરનેટ પરથી એનાકોન્ડા શોધી કાઢો. જુઓ. વર્ગમાં તેની વાત કરો.

**વાક્ય ખરું હોય તો અનુલેખન કરો, ખોટું હોય તો સુધારીને લખો.**

**ઉદાહરણ :** ગોવાળિયા દરરોજ ગેડીદડો રમતા હતા. (ખોટું)
ગોવાળિયા દરરોજ જુદી જુદી રમતો રમતા હતા. (સાચું)

૧. મથુરાના લોકો પાસે બહુ ગાયો નહોતી. ..................................................

૨. દડો લેવા માટે કૃષ્ણ નદીમાં ગયા. ..................................................

૩. કૃષ્ણના મિત્રો ઈચ્છતા હતા કે કૃષ્ણ નદીમાં જાય. ..................................................

૪. બલભદ્રએ કૃષ્ણને દડો લેવા જવાની ના પાડી. ..................................................

૫. બધાને ડર હતો કે કૃષ્ણ નદીમાં જશે તો ડૂબી જશે. ..................................................


Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૬. કૃષ્ણે નદીમાં દડો ફેંક્યો હતો. ..........................................

૭. મથુરાના લોકો ગોકુળમાં દૂધ-દહીં-માખણ વેચતાં હતાં. ..........................

૮. બલભદ્રને વિશ્વાસ હતો કે કૃષ્ણ નદીમાં જશે જ. ..............................

૯. કાલિય નાગ યમુના નદીમાં રહેતો હતો. ........................................

૧૦. દડો જેવો નદીમાં ગયો કે તરત જ ડૂબી ગયો. ....................................

**કૃષ્ણ જેમ કાલીનાગને નાથીને ઊભા હતા તેમ ઊભા રહો. ત્યારબાદ જોડીમાં બેસો. વાર્તા અને કવિતાના આધારે નક્કી કરો કે નીચેના શબ્દો સાથે કયું વાક્ય બંધબેસતું આવે છે? તેની સામે ☑ કરો.**

- **ધરો :**
  - ☐ કૃષ્ણએ પાણીના ઊંડા ખાડામાં ડૂબકી લગાવી.
  - ☐ ગોવાળિયાએ ઘાસના ઢગલા પર ભૂસકો માર્યો.
  - ☐ કૃષ્ણે ગોવાળિયાઓની એક પણ વાત ન માની.
- **ચિંતાતુર :**
  - ☐ ગોવાળોને ડર હતો કે નાગ કૃષ્ણને મારી નાખશે.
  - ☐ બળભદ્રને ભરોસો હતો કે કૃષ્ણ દડો લઈ આવશે.
  - ☐ કૃષ્ણને પાછા આવતાં જોવા ગોવાળો આતુર હતા.
- **ઝંપલાવવું :**
  - ☐ દડો નદીમાં ગયો એટલે ગોવાળો રમતાં રમતાં જંપી ગયા.
  - ☐ કૃષ્ણ અને ગોવાળો ઘરનો ઝાંપો ખોલી માખણ ચોરી લેતા.
  - ☐ કૃષ્ણએ નદીના પાણીમાં ભૂસકો માર્યો.
- **જીવનું જોખમ :**
  - ☐ ગેડીદડામાં હારી જવાનું જોખમ તો હોય જ છે.
  - ☐ ગોવાળોને ડર હતો કે કૃષ્ણને કંઈક થઈ જશે.
  - ☐ કૃષ્ણનું જીવન સાહસથી ભરેલું હતું.
- **ભાથું :**
  - ☐ એક ગોવાળ આજે ખાવાનું નથી લાવ્યો એટલે કૃષ્ણના ભોજનમાં ભાગ પડાવશે.
  - ☐ સૌ ગોવાળો બોર વીણતા અને સરખા ભાગે ખાતા.
  - ☐ નાગનું માથું નીચે અને ઉપર કૃષ્ણ.

- **ફરીથી કરીએ ધમાલ : ધમાચકડી ધમાચકડી ધમાચકડી મારું નામ...**

**લાગુ ન પડતો શબ્દ છેકી વાક્ય પૂરું કરો.**

૧. ગોવાળિયા ગોકુળ/મથુરા ગામ પાસેની યમુના નદીના કાંઠે/પાણીમાં રમતા હતા.

૨. કૃષ્ણએ દડાને/નાખીને એવો ફેંક્યો/માર્યો કે એ નદીમાં ગયો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૩. એક/બધા ગોવાળને લાગતું હતું કે કૃષ્ણ મિત્રની/મોટાભાઈની વાત માની જશે.

૪. કૃષ્ણને ડર/ભરોસો હતો કે પોતે/મોટાભાઈ દડો લાવી શકશે.

૫. કૃષ્ણને પાછા જવા/આવવા માટે નાગણીઓ વિનંતી/આજ્ઞા કરતી હતી.

૬. નાગણ/કવિ નાગને સ્વામી/સખા કહે છે.

૭. નાગણ કૃષ્ણને સમજાવતાં/ધમકાવતાં કહે છે કે તને તારા ભાઈએ/દુશ્મને અહીં મોકલ્યો છે.

**નાટક તૈયાર કરી ભજવો અંક ૧ : નાગ માથે નટવર, અંક ૨ : નાગદમન.**

- **તમે કાલિયા નાગ હો તો આખી વાત કઈ રીતે કરો? જૂથમાં બેસી વાર્તા તૈયાર કરો અને કહો.**

**જોડકાં જોડો. 'અ' વિભાગના પ્રશ્નોના જવાબ 'બ' વિભાગમાં છે. જબવામાં શબ્દો છાપાઘાઆ થઈ ગયા છે. સાચો બવાજ શોધીને વાક્યો રસખાં કરો. અ વિભાગમાં આપેલી જગ્યામાં ણાઝીઝીણા અક્ષરથી લખો.**

| અ | બ |
|---|---|
| નાગનું નામ શું હતું? ................................................................................... | પોતાનું માને, ધાર્યું કોઈની કાયમ જ કરે કૃષ્ણ વાત ન. |
| યશોદાને કોણ ફરિયાદ કરતું હતું? ............................................................ | નાગનું નદીમાં કાલિય નાગ હતું રહેતા નામ. |
| નદીમાં કોણ ગયું? ..................................................................................... | કૃષ્ણ માખણ બધાં ખાવા મળે માટે ચોરતા બાળકોને હતા એ. |
| કૃષ્ણ વિશે બલભદ્ર શું કહેતા? ................. | વિશે યશોદાને ગોપીઓ કરતી હતી દરરોજ કૃષ્ણ ફરિયાદ. |
| કૃષ્ણ માખણ કેમ ચોરતા હતા? ................. | લાવવા યમુના કૃષ્ણ પાછો માટે નદીમાં ગયા દડો. |

**પગની આંટી મારી કૃષ્ણની જેમ એક મિનિટ સ્થિર ઊભા રહો. ત્યારબાદ પ્રશ્નોના જવાબ બેત્રણ વાક્યમાં લખો.**

૧. કૃષ્ણને સમજાવવા ગોવાળિયાઓએ શું શું કર્યું?

૨. કાલિયનાગ વિશે બે ત્રણ વાક્યો લખો.

૩. નાગણે કૃષ્ણને પાછા મોકલવા શું શું કર્યું?

૪. નાગ અને કૃષ્ણના યુદ્ધ વિશે લખો.

૫. કૃષ્ણની કઈ વાત તમને સૌથી વધુ ગમી?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## કૌંસમાં આપેલ શબ્દોની મદદથી વાક્યો પૂરાં કરો.

૧. યશોદા માતા કહે, ''સાંજે કૃષ્ણ આવશે ત્યારે એને ········ .'' (સમજાવ્યો/સમજાવીશ)

૨. બલભદ્રે ઘણી રાહ જોઈ, પરંતુ કૃષ્ણ ········ એટલે એ એકલા ગયા. (ન આવ્યા/ આવતા નથી / નહીં આવશે)

૩. ગોવાળોએ આજે ગિલ્લીદંડા રમવાનું નક્કી ········. પણ પછી અગરપાટો રમ્યા. (કર્યું હતુ/કરશે/કરે છે)

૪. નિશાળમાં રિસેસનો સમય વધી જાય તો અમને બહુ મજા ········. (પડે છે/પડી/પડે)

૫. હજુ તો છોડ નાનો છે, એકાદ મહિના પછી એને ફૂલ ········ . (આવ્યાં/આવશે/આવે છે.)

- ચાલો ગાઈએ ગીતડું : 'ધમાચકડી ધમાચકડી મારું નામ...'

## કૌંસમાં આપેલા શબ્દો જવાબ બને તે રીતે પ્રશ્ન બનાવો.

**૧. કૃષ્ણે નદીમાં તળિયા સુધી ડૂબકી લગાવી.**

- ··········································································? (કૃષ્ણે)
- ··········································································? (નદીમાં)
- ··········································································? (તળિયા સુધી)
- ··········································································? (ડૂબકી લગાવી)

**૨. ગોવાળિયા કનૈયાનો જીવ જોખમમાં મૂકવા માગતા નહોતા.**

- ··········································································? (ગોવાળિયા)
- ··········································································? (કનૈયાનો)
- ··········································································? (કનૈયાનો જીવ)

**૩. બાળકોને શાળામાં ગીતો ગાવાની મજા આવે છે. (પહેલાં જવાબ લખો, પછી પ્રશ્ન બનાવો)**

- ·························································? (                    )
- ·························································? (                    )
- ·························································? (                    )

## બે વાક્યો પરથી અર્થ ન બદલાય એ રીતે બે બે વાક્યો બનાવો.

ઉદાહરણ : ફૈઝાન બજારમાં ગયો. ફૈઝાનને પેન ખરીદવી હતી.

અ. ફૈઝાન બજારમાં ગયો, કારણ કે તેને પેન ખરીદવી હતી.

બ. પેન ખરીદવા માટે ફૈઝાન બજારમાં ગયો.

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૧. અમે મેદાનમાં ગયા. અમારે ગિલ્લીદંડો રમવાં હતાં.

..........................................................................................................

..........................................................................................................

૨. મેરી સ્કૂલમાંથી વહેલી ઘરે ગઈ. મેરીને મૅચ જોવી હતી.

..........................................................................................................

..........................................................................................................

૩. હું રાત્રે મોડે સુધી જાગું છું. રાત્રે દાદા મને વાર્તાઓ કહે છે.

..........................................................................................................

..........................................................................................................

૪. અમે કેવડિયા ગયા. અમારે 'સ્ટેચ્યૂ ઑફ યુનિટી' જોવું હતું.

..........................................................................................................

..........................................................................................................

૫. છોકરાં મેદાનમાં ભેગાં થયાં. તેમણે કબડ્ડી રમવાની હતી.

..........................................................................................................

..........................................................................................................

**એડી પર ઊભા થાઓ. હાથ ઊંચા કરી સ્થિર ઊભા રહો. જૂથમાં બેસી જાઓ. હવે, ઉદાહરણ મુજબ વાક્યો લંબાવો.**

**વાક્ય સાચું જ રહે તે રીતે વધુમાં વધુ શબ્દો ઉમેરીને વાક્ય લંબાવવાનું છે. આપેલા વાક્યની શરૂઆતમાં, વચ્ચે કે પછી નવા નવા શબ્દો ઉમેરી શકાય.**

**ઉદાહરણ :**

શીતલ રમતી હતી. (૩)

શીતલ સવારે રમતી હતી. (૪)

શીતલ દરરોજ સવારે રમતી હતી. (૫)

શીતલ દરરોજ સવારે અને સાંજે રમતી હતી. (૬)

શીતલ દરરોજ સવારે અને સાંજે જુદી જુદી રમતો રમતી હતી. (૧૦)

શીતલ દરરોજ સવારે શાળાએ જતાં પહેલાં અને સાંજે શાળા છૂટ્યા પછી જુદી જુદી રમતો રમતી હતી. (૧૬)



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**જોયું ને! ત્રણ શબ્દોનું એક વાક્ય સોળ શબ્દોનું બની ગયું ને! તમે પણ બનાવો. કૌંસમાં શબ્દ સંખ્યા લખો. તમે બનાવેલાં વાક્યો આખા વર્ગ સમક્ષ મોટેથી વાંચી સંભળાવો. (જોડીકાર્ય)**

૧. અમે મીઠાઈ ખાધી. (        )

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

૨. બધાં બહુ હસ્યાં. (        )

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

૩. દોડીદોડીને થાકી ગયાં. (        )

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

- મોટું વાક્ય લખો. (ઘરકામ)

૪. આચાર્ય સાહેબ ગુસ્સે થઈ ગયા. ..........................................................

૫. મારે ઘરે આવજે. ..........................................................................

૬. ખા. ..........................................................................................

- **ફરીથી કરીએ ધમાલ : ધમાચકડી ધમાચકડી ધમાચકડી મારું નામ...**



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## નીચેનાં વાક્યો વાંચો. વાક્યોમાં લીટી દોરેલા શબ્દો ધ્યાનથી જુઓ.

૧. એક સસલું થોડું હોય? જંગલમાં તો ઘણાં સસલાં હોય.

એક સસલું - કેવું        વધારે સસલાં - કેવાં

૨. સિંહથી તો એક સસલો હોય તોય બીએ અને દસ સસલાં હોય તોય બીએ.

એક સસલો - કેવો        વધારે સસલાં - કેવાં

૩. હું થેપલાં લાવ્યો છું અને તું સુખડી લાવ્યો છે, ખાવાની મજા પડશે.

હું - છું        તું - છે

૪. બલ્લુ આજે સફાઈ કરે છે, આવતીકાલે પણ એ જ સફાઈ કરશે.

આજે - કરે છે        આવતીકાલે - કરશે

૫. હું મામાને ઘરે ગઈ હતી, મારો ભાઈ ફોઈના ઘરે ગયો હતો. અમે એક જ દિવસે ગયાં હતાં.

છોકરી (હું) - ગઈ હતી        છોકરો (ભાઈ) - ગયો હતો

ભાઈ અને બહેન (અમે) - ગયાં હતાં

## નીચે બે-બે વાક્યો ભેગાં થઈ ગયાં છે. એમને છૂટાં પાડીને લખો. (જોડીકાર્ય)

**ઉદાહરણ :** ગઈકાલે ગર્જના જંગલમાં હતો સિંહ આવ્યો કરે વરસાદ છે.

**જંગલમાં સિંહ ગર્જના કરે છે. ગઈકાલે વરસાદ આવ્યો હતો.**

૧. ગયા અમે રોજ વર્ષે સાંજે રમીએ છીએ અમે ખોખોની મેચ જીત્યાં હતાં.

.............................................................................................

.............................................................................................

૨. અમે અડધો ગિરનારમાં ભરેલો છે રોપ-વે જોયો પાણીનો ગ્લાસ હતો.

.............................................................................................

.............................................................................................

૩. ચકીબહેન જીવડાં ખાવાની કાબરોને ઊંઘી મજા આવે છે ગયાં હતાં.

.............................................................................................

.............................................................................................



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૪. તમારે પાસે નથી પેન્સિલ મારી જોઈએ છે?

..............................................................................................................

..............................................................................................................

૫. બધાં વારો આવે તેની ઊભા રહો તમારો રાહ જુઓ લાઈનમાં.

..............................................................................................................

..............................................................................................................

- **અને હવે છે ધમાલટાઈમ : ધમાચકડી ધમાચકડી ધમાચકડી મારું નામ...**

**ચાર ચારનાં જૂથમાં ચર્ચા કરીને જણાવો કે આપેલી સમસ્યા/ગૂંચ તમે કેવી રીતે ઉકેલશો?**

૧. તમારી શાળામાંથી કબડ્ડીની ટીમ તાલુકામાં રમવા જવાની છે. કુલ બાર ખેલાડી જવાના છે. એક શિક્ષકે એમ કહ્યું કે ધોરણ ૩, ૪ અને ૫માંથી ચાર ચાર ખેલાડી લઈ જઈએ. બીજા શિક્ષકે કહ્યું કે ધોરણ ૩થી ૫માં સૌથી સારું રમતા હોય એવા ૧૨ ખેલાડી લઈ જઈએ. શું નક્કી કરશો? કેવી રીતે?

૩. ગુજરાતીની એકમ કસોટી તમારા કરતાં તમારા મિત્રના વધુ ગુણ હતા. પાછળથી તમને ખબર પડી કે એ મિત્રે કોઈક બીજામાંથી જોઈને જવાબો લખ્યા હતા. હવે તમે શું કરશો ? સાહેબને અને મિત્રને શું કહેશો ?

૪. ચોથા ધોરણના વર્ગખંડની સફાઈ બાળકો જ કરે છે. દરરોજ ત્રણ બાળકોનો સફાઈ કરવાનો વારો હોય છે. તમારો એક મિત્ર સફાઈના વારાના દિવસે જાણીજોઈને મોડો આવે છે. સતત ત્રણ વાર સુધી આવું થયું છે. હવે તમે શું કરશો? મિત્ર કે શિક્ષકને શું કહેશો?

**ચાલો, હસીએ.**

હસવું છે?

તો હસો.

કોની રાહ જુઓ છો?

**લગભગ સરખા :**

**છાંડી જવું**-જે-તે સ્થળ/જગ્યા છોડી દેવી; **વેરી**-દુશ્મન; **વળાવિયો**-મોકલ્યો; **નિશ્ચે**-નક્કી; **કાળ ખૂટવો**-મૃત્યુ નજીક હોવું; **શીદ**-શા માટે; **જૂગટું**-જુગાર, શરત; **કોડ**-મનની ઈચ્છા;



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**કોડીલો**-મનમાં બહુ ઇચ્છાઓ હોય તેવો; **કોડામણો**-મનમાં બહુ ઇચ્છાઓ હોય તેવો; **અળખામણો**-ન ગમતો, અપ્રિય; **દોરિયો**-ગળામાં પહેરવાનું એક ઘરેણું; **છાનું**- સંતાડીને, છૂપી રીતે; **કાજે**-માટે; **ચરણ**-પગ; **ચરણ ચાંપવા**-પગ દબાવવા; **બળવંત**-શક્તિશાળી; **નાથવું**-કાબૂમાં કરવું, હરાવવું; **સહસ્ર**-હજાર; **ફેણ ફૂંફવવી**-ફૂંફાડા મારવા; **વિલાપ**-રૂદન, રડવું તે; **વીનવવું**-વિનંતી કરવી, કરગરવું; **કંથ**-પતિ; **અપરાધી**-ગુનેગાર; **શગ**-ઢગલી





## તને સાંભરે રે...

- કઈ પ્રવૃત્તિ એકદમ નવા પ્રકારની/જુદી હતી?
- કઈ પ્રવૃત્તિમાં આપણને સૌથી વધારે/ઓછી વાર લાગેલી?/કઈ પ્રવૃત્તિ કરતાં આપણે વધારે/ઓછો સમય થયેલો?/કઈ પ્રવૃત્તિ આપણે એક જ વારમાં થઈ ગઈ હતી/આપણે બે-ચાર વખત કરવી પડી હતી?
- તમને બોલવો/સાંભળવો ગમે તેવો કયો શબ્દ/વાક્ય/સંવાદ તમને યાદ છે?
- તમે પહેલાં કોઈ સમસ્યા ઉકેલતા એમાં અને હવે સમસ્યા ઉકેલશો એમાં શો ફરક પડશે?
- કવિતાની કઈ પંક્તિ તમને સૌથી પહેલાં યાદ રહી ગઈ હતી?
- એડી પર ઊભા થઈ હાથ ઊંચા રાખવાની પ્રવૃત્તિમાં કોણ કોણ છેલ્લે સુધી ઊભું રહ્યું હતું?
- આ એકમ દરમ્યાન ઘરે જઈને તમે કઈ પ્રવૃત્તિઓ કરી હતી?
- તમને કયું ચિત્ર સૌથી વધારે/ઓછું ગમ્યું? કેમ? તેમાં શું વાત આવે છે?
- 'ભારે તોફાની', 'જબરો કહેવાય', 'આવું તો મેં ધાર્યું જ ન હતું' એવું તમને ક્યારે લાગ્યું?
- કઈ વાતે/પ્રવૃત્તિ વખતે આપણે ખૂબ હસ્યાં હતાં/રડવાં જેવાં થઈ ગયેલાં?
- આ એકમની કઈ વાત/કવિતા/વાર્તાનો ભાગ તમને એમ લાગે છે કે તમારી સાથે કે તમારા મિત્ર સાથે પણ એવું બને ખરું?
- તમે ગેરહાજર રહ્યા તે પછીના દિવસે વર્ગમાંથી કોઈએ તમને આ એકમની વાત કરી હતી? શું વાત કરી હતી? પહેલાં ન આવડ્યો હોય તે જવાબ પછીથી આવડ્યો ત્યારે તમને કેવી લાગણી થઈ હતી? તે જવાબ ન આવડતાંમાંથી આવડતો કેવી રીતે થયો? કોણે શિખવાડ્યો? તેણે શીખવવા માટે શું કર્યું?



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



ચિત્રકાર : સુશીલ સરકાર

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in